પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૧૯, સોમવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરનું નિધન

**પારીકરના નિધનથી ભાજપ અને તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ : છેલ્લા કેટલાક દિવસથી તબિયત લથડી ગયા બાદ તબીબોએ તેમને બચાવી લેવાના પ્રયાસો કર્યા હતા : સોમવારે રાષ્ટ્રીય શોકની જાહેરાત**



પણજી, તા. ૧૭

ગોવાના મુખ્યમંત્રી અને ભૂતપૂર્વ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી મનોહર પારીકરનું આજે લાંબી માંદગી બાદ અવસાન થતાં ભાજપમા અને તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ૬૩ વર્ષીય મનોહર પારીકર લાંબા સમયથી કેન્સરથી ગંભીર સંઘર્ષ કરી રહ્યા હતા. શનિવારે સાંજે ગોવાના વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર માઈકલ લોબોએ કહ્યું હતું કે, તેમના સ્વસ્થ થવાના સંકેત બિલકુલ પણ દેખાઈ રહ્યા નથી. તેમની તબિયત ગઈકાલથી સતત ખરાબ થઈ રહી હતી. તબીબો તેમને બચાવવાના તમામ પ્રયાસ કરી રહ્યા હતા. થોડાક દિવસ પહેલા જ તેમને લોહીની ઉલ્ટીઓ પણ થઈ હતી. ફેબ્રુઆરી ૨૦૧૮માં જ મનોહર પારીકરને પેનક્રિયાટીક

કેન્સર હોવાની જાણ થઈ હતી. તેઓ ગોવા, મુંબઈ, દિલ્હી અને ન્યુયોર્કની હોસ્પિટલમાં સારવાર લઈ ચુક્યા હતા. જે દિવસોમાં તેઓ ગંભીર બિમાર હતા ત્યારે પણ રાજ્યની વિધાનસભામાં ૨૦૧૯-૨૦નું બજેટ કરવા માટે પહોંચ્યા હતા. તે ગાળા દરમિયાન તેઓએ ખુબ આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું કે, તેઓ જોશમાં છે અને હોશમાં પણ છે. જો કે, કેન્સર જેવી બિમારી સામે જોરદાર સંઘર્ષ કર્યા બાદ તેમનું આજે અવસાન થયું હતું. મનોહર પારીકર અંગે કેટલીક બાબતો જાણીતી રહી છે. જૂન ૧૯૯૧માં મનોહર પારીકરે રાજનીતિમાં એન્ટ્રી કરીને નોર્થ ગોવા બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી હતી પરંતુ કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા હતા. ચાર સભ્યો સાથે ગોવા વિધાનસભામાં નવેમ્બર ૧૯૯૪માં ભાજપે એન્ટ્રી કરી હતી. મનોહર પારીકર નંબર ૧૩ને લઈને હંમેશા શુભ ગણતા હતા. તેમના વાહનના નંબરમાં પણ ૧૩ ઉમેરતા હતા જ્યારે તેઓ

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રપતિ સહિત પ્રધાનમંત્રી, કોંગ્રેસ પ્રમુખે દુઃખ વ્યક્ત કર્યું

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરના અવસાનથી આઘાતનું મોજુ ફરી વળ્યું છે. ભાજપ અને કોંગ્રેસ સહિતના તમામ પક્ષોના નેતાઓએ તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમના નિધન ઉપર દુખ વ્યક્ત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુખ વ્યક્ત કર્યું છે. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા વાઢેરા અને અન્ય કોંગ્રેસી નેતાઓએ પણ તેમની પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહે મનોહર પારીકરના નિધન પર દુખ વ્યક્ત કરતા કહ્યું છે કે, લોકો મનોહર પારીકરને તેમની સાદગી અને ઈમાનદારી માટે ઓળખતા હતા.

## રાજસ્થાનના સીકરમાં ભૂકંપનો આંચકો

સીકર,તા.૧૭

રાજસ્થાનના સીકરમાં રવિવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦ માપવામાં આવી હતી. ભૂકંપના આંચકા અનુભવાતા સમગ્ર વિસ્તારના લોકોમાં ચકચાર મચી ગઈ હતી અને લોકો પોત-પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. જો કે અત્યાર સુધી ભૂકંપને કારણે કોઈપણ જાન-હાનિ થયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

ભૂકંપના આંચકા સવારે ૫:૧૧ વાગ્યે અનુભવાયા હતા. સવારે મોટા ભાગના લોકો ગાઢ નિંદ્રામાં હતા.

# દેશના પહેલા લોકપાલ બનશે પિનાકીચંદ્ર ઘોષ

**સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ પીસી ઘોષ લોકપાલ નિમાવાની આજે જાહેરાત થાય તેવી શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ પિનાકીચંદ્ર ઘોષ (પીસી ઘોષ)નું નામ દેશના પહેલા લોકપાલ તરીકે ફાઈનલ કરી લેવામાં આવ્યું છે. સૂત્રો મુજબ, સોમવારે ઓફિશિયલ રીતે તેની જાહેરાત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ પીસી ઘોષ હાલમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (દ્રઉંઈઝ)ના સભ્ય છે.

ઉલ્લેખનીય છે કે, ભ્રષ્ટાચારના મામલાઓ પર એક સ્વતંત્ર અને મજબૂત સંસ્થા સ્થાપિત કરવા માટે વર્ષ ૨૦૧૩માં લોકપાલ તથા લોકાયુક્ત બિલ પાસ કરવામાં આવ્યું હતું. ૧૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ આ બિલ લાગુ થયું હતું. જોકે, કેન્દ્રની મોદી સરકારના પાંચ વર્ષના કાર્યકાળમાં લોકપાલની નિયુકિત ન કરી શકી.

લોકપાલની નિયુક્તિમાં થઈ રહેલા વિલંબને લઈને કોમન કોજ નામની એક બિન-સરકારી



સંસ્થાએ (દ્રઈં) સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. પિટિશનકર્તા તરફથી રજૂઆત કરી રહેલા સીનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણે કોર્ટમાં અપીલ કરી હતી કે સરકારને વહેલી તકે લોકપાલની નિયુક્તિનો આદેશ આપવામાં આવે.

પીઆઈએલ પર સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (ઝ્તૈં) રંજન ગોગોઈની આગેવાનીમાં બેન્ચે મોદી સરકારને લોકપાલની નિયુક્તિને લઈને થઈ રહેલા વિલંબ અંગે કારણ પૂછ્યું હતું એન ૧૫ દિવસની અંદર જવાબ આપવા કહ્યું હતું. ૧૭ જાન્યુઆરીએ હાથ ધરાયેલી સુનાવણીમાં કોર્ટે લોકપાલની નિયુક્તિમાં વિલંબને લઈને કેન્દ્ર સરકાર પર ફટકાર વરસાવી હતી.

કોંગ્રેસના સીનિયર નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ બે દિવસ પહેલા લોકપાલની નિયુક્તિને લઈને સરકારને સાતમી વાર પત્ર લખ્યો હતો.

## બિહારમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચે ભારે ખેંચતાણ

પટણા, તા. ૧૭

બિહારમાં ભાજપની સામે ગઠબંધનની તૈયારીમાં આરજેડીને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આરજેડી અને કોંગ્રેસ વચ્ચે હજુ પણ ખેંચતાણ જારી દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં બેઠકોની વહેંચણીને લઈને કોઈપણ નિર્ણય થઈ શક્યો નથી. ભારે અસમંજસની સ્થિતિ દેખાઈ રહી છે. આરજેડી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડશે કે કેમ તેને લઈને પણ ભારે દુવિધા દેખાઈ રહી છે. એકબાજુ આરજેડીના નેતાઓનું કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટીના લોકો વિલંબ કરી રહ્યા છે. ગઠબંધનને આખરી ઓપ આપવાને લઈને પણ પ્રશ્નો ઉભા થઈ ગયા છે.

## ન્યુઝ ટ્રેક

### ગોવા કોંગ્રેસના નેતા દિગમ્બર કામત ભાજપમાં જોડાઈ શકે

ગોવાના મુખ્યમંત્રી મનોહર પરિકરના સ્વાસ્થ્ય અંગે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. તો બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગમ્બર કામત ભાજપમાં જોડાઈ શકે છે. ડેપ્યુટી સ્પીકર લોબોએ કહ્યુ છે કે તેમનુ નામ નવા મુખ્યમંત્રી તરીકે મોકલવામાં આવ્યુ છે.

### સલમાનખાન નવી ચેનલ શરૂ કરશે

'ધ કપિલ શર્મા શૉ'ના પ્રોડ્યુસર તરીકે અભિનેતા સલમાનખાનની ટીવી પર એન્ટ્રી તો થઈ જ ગઈ છે પરંતુ હવે સલમાન ખુદની જ ટીવી ચેનલ લઈને આવી રહ્યો છે. સલમાનની નવી ટીવી ચેનલ શરૂ થયા બાદ 'ધ કપિલ શર્મા શૉ' આ ચેનલ પર શિફ્ટ થઈ જશે.

### એમએનસી ચૂંટણી નહી લડે

રાજ ઠાકરેની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના આ વખતે લોકસભા ચૂંટણી નહી લડે. એક નિવેદન જાહેર કરી આ બાબતની ઘોષણા કરવામાં આવી છે.

### પૂર્વ આઈએએસ અધિકારી શાહ ફૈસલ રાજનીતિમાં

પૂર્વ આઈએએસ અધિકારી શાહ ફૈસલે શ્રીનગરના રાજબાગમાં રેલી યોજી પોતાની પોલીટીકલ પાર્ટીની જાહેરાત કરી હતી. તેઓએ પોતાની પાર્ટીનું નામ જમ્મુ-કાશ્મીર પીપલ્સ મુવમેન્ટ રાખ્યુ છે. આ દરમ્યાન કાશ્મીરી મૂળના જેએનયુ છાત્ર સંગઠન નેતા શહલા રસીદ પણ પાર્ટીમાં સામેલ થયા છે.

### હિમાચલ પ્રદેશમાં અનેક વિસ્તારમાં ભારે હિમવર્ષા

હિમાચલ પ્રદેશ સહિત અનેક વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. જે બાદ અહીં ઠેર ઠેર માત્ર બરફ જ નજરે પડી રહ્યો છે. બદ્રીનાથ ધામ પણ હાલ બરફની લપેટમાં આવી ગયુ છે.

બદ્રીનાથમાં હાલ ૧૦ ફૂટથી પણ વધારે બરફ છવાયેલો જોવા મળી રહ્યો છે. અહીં ચોતરફ માત્ર બરફ જ નજરે પડી રહ્યો છે.

# પીએમ મોદીએ ટ્વીટર પર બદલ્યું નામ, હવે 'ચોકીદાર નરેન્દ્ર મોદી'

**હવે ટોપના નેતાઓ મોદી માર્ગે : ચોકીદાર પ્રવાહ ઝડપથી દેશભરમાં આગળ વધે તેવા સંકેતો : અમિત શાહ, ગોયેલ, રમણસિંહ, નડ્ડા સહિતના ઘણા નેતાએ પણ નામોની આગળ ચોકીદાર ઉમેર્યું**




નવીદિલ્હી, તા. ૧૭

વર્ષ ૨૦૧૪માં ચાવાળા શબ્દ પછી હવે ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટી ચોકીદાર શબ્દનો ઉપયોગ કરીને લાભ ઉઠાવવામાં લાગી ગઈ છે. જુદી જુદી રેલીમાં પોતાને ચોકીદાર કહેનાર વડાપ્રધાન મોદીએ શનિવારના દિવસે મેં હું ચોકીદાર વિડિયો જારી કર્યો હતો. હવે વડાપ્રધાને ટ્વિટર ઉપર પોતાના નામથી પહેલા ચોકીદાર શબ્દનો ઉપયોગ કરી લીધો છે. ટ્વિટર ઉપર હવે તેમનું નામ ચોકીદાર નરેન્દ્ર મોદી થઈ ગયું છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ જે રીતે ચોકીદાર ચોર હૈ શબ્દનો ઉપયોગ કરીને ભાજપને ભીંમાં લેવાના પ્રયાસમાં છે ત્યારે મોદીએ આ શબ્દનો ઉપયોગ કરીને કોંગ્રેસી નેતાઓને વળતા જવાબો આપવા માટે આક્રમક રણનીતિ અપનાવી છે. મોદીએ તેમના નામ પહેલા ચોકીદાર શબ્દનો ઉપયોગ કરી લીધા બાદ આને લઈને

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં જેડીયુ-ભાજપ ૧૭-૧૭ બેઠકો લડશે : એલજેપીને ૬ બેઠકો

**એનડીએ દ્વારા સાનુકુળ માહોલમાં બેઠકોની જાહેરાત કરી : શાહનવાઝની સીટ જેડીયુને અને ગિરિરાજ સિંહની સીટ એલજેપીને આપવાની ભાજપની જાહેરાત**

નવીદિલ્હી, તા. ૧૭

બિહારમાં લોકસભા ચૂંટણીને લઈને એનડીએ દ્વારા સીટોની જાહેરાત આજે કરી દેવામાં આવી છે. શાહનવાઝની સીટ જેડીયુને આપી દેવામાં આવી છે. સાનુકુળ માહોલમાં બેઠકોની વહેંચણી એનડીએ દ્વારા કરીને પ્રાથમિકરીતે બિહારમાં બાજી મારી લીધી છે. ભાજપ, જેડીયુ અને એલજેપી દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને કોણ કેટલી સીટ પર ચૂંટણી લડશે તેને લઈને આજે જાહેરાત કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી અને જનતા દળ યુનાઈટેડ ૧૭-૧૭ સીટો ઉપર ચૂંટણી લડનાર છે જ્યારે લોકજનશક્તિ પાર્ટી છ સીટો ઉપર ચૂંટણી લડનાર છે. આ યાદીમાં કેટલીક સીટો એવી પણ છે જેને લઈને ખેંચતાણ હતી પરંતુ સાનુકુળ માહોલમાં વિવાદને ઉકેલી લેવામાં આવ્યા છે. જનતાદળ યુનાઈટેડ જે સીટો ઉપર ચૂંટણી લડનાર છે તેમાં કટિહાર, પુર્ણિયા, ગોપાલગંજ, સિવાન, ભાગલપુર,



● અનુસંધાન પાન-૭ પર

# લોકસભા ચૂંટણી સંદર્ભે અમિત શાહની યુપીના મુખ્યમંત્રી યોગી સાથે બેઠક

**હવે પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશ ચૂંટણી પ્રવાસે : જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત : રાજ ઠાકરેની પાર્ટી ચૂંટણી નહીં લડે**

નવી દિલ્હી, તા. ૧૭

લોકસભા ચૂંટણીને લઈને ઉમેદવારોના નામ પર મથામણનો દોર જારી રહ્યો છે. આજે ભાજપ પ્રમુખ અમિત શાહે ઉત્તરપ્રદેશના ઉમેદવારોના નામને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યના બંને નાયબ મુખ્યમંત્રી સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. વાતચીતનો દોર લાંબા સમય સુધી ચાલ્યો હતો. બીજી બાજુ લાંબા ઈન્તજાર બાદ ભાજપે અરુણાચલ પ્રદેશ અને આંધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી પણ જાહેર કરી હતી. આંધ્રપ્રદેશની ૧૨૩ અને અરુણાચલની ૫૪ સીટ માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. લોકસભાની ચૂંટણી સાથે સાથે વિધાનસભાની ચૂંટણી પણ ચાર રાજ્યોમાં યોજાનાર છે જેમાં અરુણાચલ, આંધ્રપ્રદેશ, સિક્કિમ અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે. બીજી બાજુ લોકસભા ચૂંટણીને લઈને મોટા ઘટનાક્રમ જોવા મળી રહ્યા છે. મહારાષ્ટ્રમાં આગામી લોકસભા અને ત્યારબાદ યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને બેઠકોનો દોર જારી રહ્યો છે. મારાષ્ટ્રમાં નવનિર્માણ સેનાએ ચૂંટણી નહીં લડવાની વાત કરીને તમામને ચોંકાવી દીધા છે.

## યુપીમાં કોંગ્રેસ મહાગઠબંધન માટે ૭ બેઠક પર લડશે નહિ

લખનૌ, તા. ૧૭

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ રાજ બબ્બરે સપા-બસપા અને આરએલડી માટે સાત સીટો પરથી પોતાના ઉમેદવાર નહીં ઉતારવાની આજે જાહેરાત કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ સાત સીટો ઉપર મહાગઠબંધન માટે પોતાના ઉમેદવાર નહીં ઉતારવાની વાત કરી છે. એકબાજુ પ્રિયંકા ગાંધી ચાર દિવસ માટે ઉત્તરપ્રદેશના પ્રવાસ પર છે ત્યારે રાજ બબ્બરે આ અંગેની જાહેરાત કરી હતી. મહાગઠબંધન પ્રત્યે કોંગ્રેસ પાર્ટીના સન્માનની વાત કરીને મોટા સંકેત આપવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. રાજ બબ્બરે ક્હયું હતું કે, સાંપ્રદાયિક શક્તિઓને હરાવવા માટે કોંગ્રેસ પાર્ટીએ સાત સીટો ઉપર પોતાના ઉમદેવારને નહીં ઉતારવાનો નિર્ણય કર્યો છે.

## તિરુવનંતપુરમથી શશી થરૂર ચૂંટણી લડશે

ન્યુ દિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે શનિવારે મોડી રાત્રે પોતાના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી હતી. જેમાં કેરળની ૧૨, ઉત્તર પ્રદેશની સાત, છત્તીસગઢની પાંચ, અરુણાચલ પ્રદેશની બે અને આંદામાન-નિકોબારની એક બેઠક માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. કોંગ્રેસે અરુણાચલના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન નાબાબ ટુકીને અરુણાચલ પશ્ચિમ અને શશિ થરૂરને તિરુવનંતપુરમ બેઠકની ટિકિટ આપી છે.







**Teachers Required**

**St. Xavier's School**

Sector-8, CH-3 Corner, Gandhinagar-382008

Teachers are required to teach the following subjects is the primary section of our school.

1. Maths & Science
2. English & S. S.
3. Computer Science
4. Sanskrit, Hindi & Gujarati

Candidates having the required qualifications can send the application by post to the Principal within a week along with relevant documents.

Sd/-
Principal
St. Xavier's School
Sector-8, Ch-3, Gandhinagar-382008

